## આનંદમય શાળા

શ્રી અરવિંદે સાચું જ કહ્યું છે કે, ‘ શિક્ષણનો પહેલો સિદ્ધાંત એ છે કે કશું શીખવી શકાય નહીં.’ શિક્ષણ એ એક આંતરિક પ્રક્રિયા છે અને શીખવું એ માણસ માત્રમાં પડેલ જન્મજાત વૃત્તિ છે, પ્રવૃત્તિ છે. પ્રત્યેક બાળક વિકાસ ઉન્મુખ હોય છે અને તે પોતાની ક્ષિતિજો વિસ્તારવા માંગતો હોય છે. પોતે જે જગતમાં જીવતો હોય છે, તેને અને પોતાની જાતને સમજવા માંગતો હોય છે.

એક સાચા શિક્ષકનું કે સમાજનું કામ છે તેને માટે યોગ્ય તક તથા સુવિધા પુરી પાડવાનું. જો તમે યોગ્ય વાતાવરણનું નિર્માણ કરી શકો તો બાકીનું કામ બાળક પોતાની મેળે જ કરી લેશે.

આ નાનકડી શિક્ષકોપયોગી પુસ્તિકામાં અરવિંદ ગુપ્તાએ ઈંગ્લેન્ડના ટેડી ઓ’નીલ, રશિયાના વસીલી સુખામ્લીન્સ્કી, અમેરિકાના જૉન હોલ્ટ જેવા , શિક્ષકો પોતાના જીવન અને કાર્ય દ્વારા દુનિયાભરમાં જાણીતા કેમ થયા તેના પ્રેરક પ્રસંગો રજૂ કર્યા છે. આવી પુસ્તિકાઓ શિક્ષકોના સાચા મિત્રોનું કામ આપી શકે.

- રાજુ દીપ્તિ

# આનંદમય શાળા

અરવિંદ ગુપ્તા

અનુવાદઃ દીપ્તિ રજુ



શિશુ મિલાપ, વડોદરા

'શિશુમિલાપ'એ 'સહજ' ટ્રસ્ટનો એક શૈક્ષણિક કાર્યક્રમ છે. વડોદરા શહેરનાં તકવંચિત બાળકોમાં કામ કરવાની સાથે સાથે સદ્‌સાહિત્ય પ્રસાર, શૈક્ષણિક રમકડાંનું વેચાણ, પ્રકાશન, અધ્યેતા કેન્દ્રી વિજ્ઞાન શિક્ષણ કાર્યક્રમ હેઠળ શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણ જેવા કામો શિશુ મિલાપ કરે છે.

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન "ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ" દ્વારા રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના સહયોગથી થયેલું.

'જન વાંચન આંદોલન' હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા લખવા પ્રત્યે રસ પેદા કરવાનો છે.

આનંદમય શાળા : Anandmay Shala

અરવિંદ ગુપ્તા : Arvind Gupta

અનુવાદ : દીપ્તિ રાજુ

(C) સાભાર : ફૂલઝડી

રેખાંકન : અવિનાશ દેશપાંડે

લેસર ગ્રાફીક્સ : અક્ષર નિર્માણ, અમદાવાદ.

મુદ્રક: હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ.

પ્રકાશન : ફેબ્રુઆરી ૨૦૦૦

કિંમત : ૫.૦૦ રૂપિયા

પ્રકાશક
શિશુમિલાપ,
૧ શ્રી હરી એપાર્ટમેન્ટ,
એક્સપ્રેસ હોટલ પાછળ,
અલકાપુરી,
વડોદરા-૩૯૦ ૦૦૭
ફોન: ૦૨૬૫-૩૪૨૫૩૯.

# આનંદમય શાળા



અરવિંદ ગુપ્તા ○ અનુવાદ : દીપ્તિ રાજુ

# ઘરનું છાપું



લેનિન વિશ્વના એક મહાન નેતા હતા. ૧૯૧૭ની રશિયન ક્રાન્તિનું નેતૃત્વ તેમણે કરેલું.તેનાથી આ દુનિયાના લોકોને કાળી મજૂરી અને ગુલામીમાંથી મુક્તિ મળી.લેનિન ગરીબ ખેડૂતો અને મજૂરોના નેતા હતા. પરંતુ તેમનો જન્મ એક સંપન્ન પરિવારમાં થયેલો. ઘરમાં એક પ્રકારનું બૌદ્ધિક વાતાવરણ હતું. પિતા શિક્ષણ વિભાગમાં ઊંચા હોદ્દા પર હતા. લેનિનના મોટા ભાઈ એલિકઝેંડર ભૌતિકશાસ્ત્રના વિદ્યાર્થી હતા. નાની બહેન શાળાએ જતી હતી અને મા ઘરે જ રહેતી હતી.

લેનિના ઘરમાં દર અઠવાડીયે એક છાપું તૈયાર થતું. છાપાં માટે ઘરના દરેક જણા કાંઈને કાંઈ લખતાં. પિતા શાળાની મૂલાકાત દરમિયાન બનેલી કોઈ રસપ્રદ ઘટના વિશે લખતા. મા ભોજન સંબંધી લેખ કે કવિતા લખતી. ભાઈ વિજ્ઞાનના વિદ્યાર્થી હોવાથી કોઈ નવી વૈજ્ઞાનિક શોધ વિશે લખતાં. લેનિન પોતાની શાળાના અનુભવો લખતા અને તેની નાની બહેન છાપાં માટે ચિત્રો બનાવતી. આ ચાર પાનાનું છાપું હાથે લખીને તૈયાર થતું. રવિવારની રજાના દિવસે સવારે નાસ્તાના વખતે આ છાપાનું વાચન થતું. પછી જ બધાં સાથે નાસ્તો કરતાં.બચપણના આ સંસ્કારની લેનિના જીવન ઉપર ઊંડી અસર પડી. ઘણાં વર્ષો દેશની બહાર રહ્યા પછી લેનિન રશિયા પાછા ફર્યા, તો સૌથી પહેલા તેમણે એક રાષ્ટ્રીય છાપું તૈયાર કર્યુ. આ છાપાનું નામ હતું 'ઇરાશિ' એટલે કે ચિનગારી. આ છાપાંએ રશિયામાંના અલગ અલગ જૂથોને એક સાથે જોડ્યાં અને રશિયન ક્રાન્તિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

**બચપણમાં પડેલા સારા સંસ્કાર એ જ માણસના જીવન ઘડતરનો પાયો છે.** જો બચપણમાં બાળકોને એક સારું, સુખદ અને બૌદ્ધિક વાતાવરણ મળે તો મોટા થઈને જરુર પ્રતિભાશાળી બને.



# પ્રેસ્ટોલી શાળા

૧૯૩૦ની વાત છે. ટેડી ઓનિલ ૨૬ વર્ષના એક ઉત્સાહી શિક્ષક હતા. તેની આંખોમાં સારા શિક્ષણનું સપનું હતું. તેમને ઇંગલેન્ડની 'પ્રેસ્ટોલી' નામની એક મજૂરોની વસાહતની શાળામાં મોકલવામાં આવેલા. ત્યાં અત્યંત ગરીબી હતી અને સાધનોનો સદંતર અભાવ હતો. નહતી બાળકો માટે ચોપડીઓ કે નહતી બાળકોને બેસવા માટે પાટલી કે ખુરશીઓ. બાળકોમાં પણ નવું શીખવાની ઈચ્છા નહોતી.અત્યંત નીરસ વાતાવરણ હતું. ટેડીને સુથારી કામનો શોખ હતો. બીજે દિવસે તેણે પોતાના ઓજારો સજાવ્યા અને બાળકો માટે પુસ્તકો મુકવાના કબાટ બનાવવા લાગી ગયો.શાળાના ઓરડામાં જૂનો કાટમાળ પડેલો તેમાંથી જ તેણે બાળકોને બેસવા માટે પાટલીઓ બનાવી. ટેડી ને કામ કરતા જોઈ બાળકો પણ ઠીક-ઠાક કરવા લાગ્યા. કોઈએ ઢીંગલી ઘર બનાવ્યું તો કોઈએ પક્ષીઘર. કોઈએ સસલા ઘર બનાવ્યું. ભણવાને બદલે કેટલાય દિવસ લાકડાની જુદી જુદી વસ્તુઓ બનાવવાનું કામ કાજ ચાલ્યું.

જ્યારે બાળકોની ચોપડીઓ માટે કબાટ બની ગયો ત્યારે બાળકો ચોપડીઓ પણ માંગવા લાગ્યા.કેટલાક બાળકો સસલા ઘરમાં ખરેખર સસલા પાળવા લાગ્યા. તેમને હવે સસલાની જીવનચર્યા અને ખાવા-પીવાની બાબતમાં રસ પડવા લાગ્યો. જેમણે પાંજરામાં પક્ષીઓ પાળેલા તે તેમનો અભ્યાસ કરવા લાગ્યા.

તેમને ઉઠતા પ્રશ્નોના જવાબ શોધવા તેઓ ચોપડીઓ વાંચવા લાગ્યા, કારણકે તેમને ખબર પડી કે ચોપડીઓમાં આ અંગેની જાણકારી હોય છે. ચોપડીઓમાં હવે તેમને આનંદ આવવા લાગ્યો.

ટેડી ઓનિલ ક્રાન્તિકારી શિક્ષક હતા. તેમને ગોખણપટ્ટી કરાવતી શાળાઓ ન ગમતી. ૩૦ વર્ષ તેમણે પ્રેસ્ટોલી શાળામાં ભણાવ્યું. દુનિયાભરથી લોકો તેમની શાળા જોવા આવતાં. તેમના **કામ અને પ્રવૃત્તિઓ પર આધારીત શિક્ષણ પધ્ધતિ** ખૂબ જ જાણીતી બની. તેમના અનુભવો તેમને એક રોચક પુસ્તકમાં લખ્યા છે. પુસ્તકનું નામ છે 'મુરખ માસ્તર'.



# આનંદમય શાળા



વસીલી સુખોમ્લીન્સકી સોવિયેત રશિયાના પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી હતા. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન પ્રાથમિક શાળાના ૨૩ વર્ષના શિક્ષક વસીલી રણમેદાને પહોંચી ગયા. દુશ્મનના કબજામાં આવેલા વિસ્તારમાં તેમની પત્ની વેરા રહી ગઈ. તે દુશ્મનો સામે લડતા છાપામારોને મદદ કરતી હતી. એક દિવસ દુશ્મનોએ તેમને પકડી લીધી. કેદમાં જ તેણે દિકરાને જન્મ આપ્યો. વેરા પર અનેક અત્યાચારો કરવામાં આવ્યા પણ તેણે છાપામારોના નામ જ ન બતાવ્યા. આથી જલ્લાદોએ માની આંખ સામે જ તેના થોડાક દિવસ પહેલા જ જન્મેલા બાળકને મારી નાખ્યું. અને પછી વેરાનો પણ જાન લઈ લીધો. વસીલી લડાઈમાંથી ઘાયલ થઈને પાછા ફર્યા. તેમની છાતીમાં ધાતુઓના ટુકડા ધુસી ગયેલા અને તેમના હૃદયમાં પત્ની અને બાળકના મૃત્યુનો ઘેરો શોક હતો.



વસીલી ૨૯ વરસ સુધી પોતાના ગામ પાવ્લિશમાં 'આનંદમય શાળા' ચલાવતા રહયા. યુદ્ધના કારણે અનેક બાળકો અનાથ બની ગયેલા. બાળકોના હૃદય મુરઝાઈ ગયેલા. **વસીલીએ પોતાની નિષ્ઠા અને લગનથી બાળકોના જીવનમાં વસંત લાવી દીધી.** તે દરેક બાળકનો ઇતિહાસ અને કૌટુંબિક જીંદગીને ખૂબ નજીકથી જાણતા હતા.શાળાના આચાર્ય હોવા છતાં તે દિવસભર બાળકોને ભણાવતા. બાળકોના સાનિધ્યમાં તેમને સતત પ્રેરણા મળતી હતી. સંસારના અનેક પ્રગતીશીલ શિક્ષણશાસ્ત્રીઓ એ કહેતા આવ્યા છે કે **'બાળકોનું શિક્ષણ અને તેમનું ચારિત્ર્ય નિર્માણ બંને એકબીજા સાથે જોડાયેલા છે.'** વસીલીએ પોતાના વ્યવહાર અને સિદ્ધાંતમાં આ સ્વપ્નને સાકાર કરી બતાડયું. તેમના કહેવા પ્રમાણે યોગ્ય કે અયોગ્ય એવા ભેદભાવ પાડયા વગર પણ બાળકોને સારું શિક્ષણ આપી શકાય છે.

સુખોમ્લીન્સકીએ આમ તો ઘણાં પુસ્તકો લખ્યા છે. પરંતુ તેમનું સૌથી જાણીતું પુસ્તક છે. 'દિલ મેં દીધું બાળકોને' એ પુસ્તકમાં તેમણે મા બાપ અને શિક્ષક સાથે અંતરંગ વાતો કરી છે. તેઓ લખે છે," મારો એ દ્રઢ વિશ્વાસ છે કે **શાળાની પહેલાના કેટલાક વર્ષો અને શાળાની શરૂઆતના વર્ષો જ મોટે ભાગે માણસનું જીવન ઘડતર કરે છે."**

શરૂઆતમાં જયારે બાળકો શાળામાં આવે છે ત્યારે તેમના હૃદયમાં કેટકટેલા ઉમંગો, કેટલો રોમાંચ હોય છે ? **"જો આપણે બાળકોની આંખોમાં જિજ્ઞાસાની આ ચમક જલતી રાખી શકીએ તો બાળકો મોટા થઈને તેઓ જરૂર સારા મનુષ્ય બનશે."**



# રખડુ શિક્ષણશાસ્ત્રી

જોન હોલ્ટ દુનિયાના જાણીતા શિક્ષણશાસ્ત્રી હતા.તેમણે ૧૦ ચોપડીઓ લખી છે. તેમનું એક પુસ્તક, " બાળકો નિષ્ફળ શાથી નિવડે છે ? " ગુજરાતીમાં પણ છપાયું છે. **મોટા ભાગના લોકો શિક્ષક એટલા માટે બને છે કે તેમની પાસે બીજો કોઇ વિકલ્પ નથી હોતો. દુનિયામાં બહુ થોડા નસીબવંતા લોકો હોય છે જેઓ પોતાના શોખ અને સપનાં દ્વારા આજીવિકા મેળવી શકે છે.** તેઓ કદાચ બાળકોને સંવદેનશીલતાથી એટલા માટે પણ જોઇ શકે છે કારણ કે તેઓ ધંધાથી શિક્ષક નથી હોતા. જોન હોલ્ટે ત્રણ વરસ અમેરિકાના નૌકાદળમાં સબમરીન પર કામ કર્યું. ચાર વરસ એક શાળામાં તેમણે ભણાવ્યું. પોતાના વર્ગખંડના અનુભવો તે એક રોજનીશીમાં લખતા. તેમનું પહેલું પુસ્તક ,'બાળકો નિષ્ફળ શાથી નિવડે છે !' તેની ડાયરીઓનો જ એક અંશ છે.૧૯૬૪માં છપાયેલ આ ચોપડીએ શિક્ષણ જગતમાં એક ખળભળાટ મચાવી દીધો. શિક્ષણ પર આ એક અનોખું પુસ્તક હતું - એકદમ સચોટ અને સુંદર. હોલ્ટની કલમમાં ગઝબનો જાદુ હતો.

હોલ્ટ સીધા સાદા સ્વભાવાના માણસ હતા. તેમને અમેરિકાની ઉપભોક્તા સંસ્કૃતિ માટે ચીડ હતી. પર્યાવરણ સંરક્ષણમાં તેમને ઘણો રસ હતો. પોતાના જીવનમાં તેમણે સાદગી અપનાવેલી. તેઓ એક પ્લાસ્ટિકના ટબમાં ઊભા રહી નહાતા અને પછી તે પાણીનો ખાતર ખાડામાં ઉપયોગ કરતાં. પછી તે ખાતરને તે શહેરના બાગ-બગીચાઓની કયારીઓમાં નાંખી આવતા. તેમને પોતાના ન્યુયોર્ક શહેર પર ખૂબ પ્રેમ હતો. તેઓ સડક પર પડેલ પ્લાસ્ટિક અને કાચની બોટલો ભેગી કરતાં. જયારે તેઓ કચરા પેટી પાસેથી પસાર થતા ત્યારે પોતાના થેલામાં ભેગી થયેલી બોટલો તેમાં નાંખી દેતા. ૧૯૮૫માં કેંસરની બિમારીને કારણે તેઓ મૃત્યુ પામ્યા.





# મિરામ્બિકા

**"શિક્ષણનો પહેલો સિદ્ધાંત એ છે કે કશું શીખવી શકાય નહીં.** શિક્ષક માત્ર એક મદદગાર હોય છે." આ શબ્દો છે મહર્ષિ શ્રી અરવિંદના. તેમના આદર્શો પર ચાલતી શાળા છે દિલ્હીની 'મિરામ્બિકા' શાળા. ૧૫ વર્ષ પહેલાં શ્રી અરવિંદના બે ડચ અનુયાયીઓએ તે શાળા શરૂ કરી. મિરામ્બિકા સામાન્ય શાળાઓથી જુદી પડે છે. પાંચ ધોરણ સુધીની શાળા છે. ત્યાર બાદ બાળકો અન્ય શાળામાં દાખલ થાય છે. દરેક વર્ગમાં ૧૨ થી ૧૫ બાળકો છે. સાથે ૨-૩ શિક્ષક હોય છે. મોટાભાગના શિક્ષકો અરવિન્દ આશ્રમમાં જ રહે છે. મા-બાપ પણ શાળામાં સારો સહયોગ આપે છે.

શાળા કોઈ શૈક્ષણિક બોર્ડ કે એન.સી.ઈ.આર.ટી.ના પાઠ્યક્રમથી બંધાયેલ નથી. **અહીં શબ્દોના બદલે અનુભવ પર વધારે ભાર આપવામાં આવે છે.** બાળકોને પ્રશ્નો પૂછવા માટે પ્રેરિત કરવામાં આવે છે. શાળામાં પરંપરાગત વિષયો પણ નથી. બાળકો પોતે જ કોઈક પ્રોજેક્ટ કે વિષય પર કામ કરવાનું નક્કી કરે છે.

ઉદાહરણ તરીકે 'પક્ષી પ્રોજેક્ટ' પસંદ કર્યા પછી બાળકો સૌથી પહેલાં પુસ્તકાલયમાં જઈને પક્ષીઓ સંબંધિત બધા પુસ્તકો લઈ આવશે. તેઓ આશ્રમના ૨૬ એકરના કેમ્પસમાં પક્ષી-નિરીક્ષણ કરે છે. સાથોસાથ બાળકો દિલ્લીથી ૪૦ કિ.મી. દૂર આવેલા સુલતાનપુર પક્ષી અભયારણ્યનો પ્રવાસ કરે છે. પક્ષી પ્રોજેક્ટમાં ભાષા, ગણિત, વિજ્ઞાન, ભૂગોળ, કલા બધા વિષયો આવરી લેવાય છે. બાળકો પક્ષીઓ ઉપર કવિતાઓ અને નિબંધ લખે છે. કેટલાય પક્ષીઓ બીજા દેશોમાંથી લાંબું ઉડાણ કરીને ભારત આવે છે. બાળકો ઉડાણના રસ્તા, પૃથ્વીના ગોળા પર બનાવે છે. તેઓ નકશામાં બર્ડ સેંચ્યુરીની સ્થિતિ જૂએ છે. તેઓ કાગળને વાળી વાળીને કેટલાય પ્રકારના ઉડનારા પક્ષી બનાવે છે. આમ બાળકોને પક્ષીઓના જીવનની રોચક અને નક્કર જાણકારી મળે છે. **આ પ્રકારે શીખવાનો આનંદ જ કંઈક અનેરો છે.**



# જેઓ જોવા છતાં નથી જોતાં

''તેઓ શું જૂએ છે તે પારખવા માટે ક્યારેક હું મારા મિત્રોની પરીક્ષા લઉં છું. હમણાં જ મારી એક મિત્ર જંગલની સેર કરીને પાછી આવી. મેં તેને પૂછ્યું, 'તેં શું શું જોયું?'

તેણે જવાબ આપ્યો, 'કાંઈ ખાસ નહીં !!' મને બહુ આશ્ચર્ય ન થયું, કારણ કે હવે હું આવા જવાબોથી ટેવાઈ ગઈ હતી. **મને લાગે છે કે જેઓને આંખો હોય છે તેઓ બહુ ઓછું જૂએ છે.**

**શું એ શક્ય છે કે જંગલમાં કોઈ એક કલાક ફરે અને કંઈ વિશેષ વસ્તુ ન જૂએ?** મને જેને કંઈ પણ દેખાતું નથી, તેને પણ સેંકડો રોચક વસ્તુઓ મળી જાય છે, જેને હું સ્પર્શીને ઓળખી લઉં છું. હું ભોજપત્રના ઝાડની ચીકણી છાલ અને ચીડના ઝાડની ખરબચડી છાલને સ્પર્શથી ઓળખી જાઉં છું. મને ફુલની પાંદડીઓની મખમલ જેવી સપાટી સ્પર્શવામાં અને તેની મરોડદાર બનાવટ અનુભવવામાં અપાર આનંદ મળે છે.

આ દરમ્યાન મને પ્રકૃતિના જાદુનો અહેસાસ થાય છે. ક્યારેક હું બહુ આનંદમાં હોઉં છું ત્યારે ક્યાંક ડાળી પર હાથ રાખતાં જ કોઈક પક્ષીનો મધુર સ્વર કાનમાં ગૂંજવા માંડે છે. મારી આંગળીઓની વચ્ચે ઝરણાના પાણીને વહેતું અનુભવીને હું આનંદિત થઈ જાઉં છું. મને ચીડની ફેલાએલી પાંદડીઓ કે ઘાસનું મેદાન કોઈ પણ મોંઘાદાટ ગાલીચા કરતાં વધુ પ્રિય છે. બદલાતી ઋતુની હવા મારા જીવનમાં નવો રંગ અને ખુશીઓ ભરી દે છે.





ક્યારેક ક્યારેક મારું દિલ આ બધી વસ્તુઓ જોવા માટે વ્યાકુળ થઈ જાય છે. જો મને માત્ર સ્પર્શ કરવાથી આટલો આનંદ મળે છે તો એની સુંદરતા જોતાં તો મારું મન મુગ્ધ જ થઈ જાય. પરંતુ જેઓને આંખો હોય છે તેઓ સાચેસાચ ખૂબ ઓછું જૂએ છે. આ દુનિયાના વિવિધ રંગો તેમની સંવેદનાને નથી સ્પર્શતા. **મનુષ્ય પોતાની ક્ષમતાઓની ક્યારેય કદર નથી કરતો.** તે હંમેશાં એવી વસ્તુની ઈચ્છા રાખી બેસતો હોય છે જે તેની પાસે નથી.

**એ કેટલા દુઃખની વાત છે કે દૃષ્ટિના આશિર્વાદને લોકો એક સાધારણ વસ્તુ સમજે છે, જ્યારે આ વરદાનથી તો જિંદગીના બધા આનંદમાં ઈન્દ્રધનુષના રંગો ભરી શકાય છે.''**

*(હેલન-કેલર. પ્રસિદ્ધ અમેરિકન લેખિકા*
*જે જન્મથી જ જોઈ કે સાંભળી નહોતી શકતી. સાભારઃવે ઓફ લાઈફ.)*



# રસોઈ દ્વારા શિક્ષણ

નઈ તાલિમ વિદ્યાલય, સેવાગ્રામમાં **કામ દ્વારા શિક્ષણ** પર ભાર મૂકવામાં આવતો હતો. કામ દ્વારા વિજ્ઞાનના શિક્ષણનું હું એક ઉદાહરણ આપું છું. વિદ્યાર્થીઓને વારાફરતી ખાવાનું બનાવવાની જવાબદારી સોંપવામાં આવતી હતી. શાળાના રસોડે દરરોજ લગભગ ૧૦૦ લોકો જમતા હતા. રસોઈ બનાવવાની જવાબદારી વારાફરતી આઠ-આઠ જણની ટુકડીને સોંપાતી. ખાવા પર દર મહિને કેટલો ખર્ચ થવો જોઈએ તેનો અંદાજ ટુકડીને પહેલેથી જણાવી દેવામાં આવતો.

આહાર શાસ્ત્રની દૃષ્ટિએ ભોજન સમતોલ હોય, ખાવાનું બધાને પસંદ પડે અને ખર્ચ બજેટની અંદર હોય તેની યોજના બનાવતા બનાવતા અમારા છક્કા છૂટી જતા. બટાકાનું શાક સૌથી સસ્તું હતું પરંતુ પૌષ્ટિક તત્ત્વના રૂપમાં તેમાં મુખ્યતઃ સ્ટાર્ચ હોવાથી તેને રોજ ખાવું સંભવ ન હતું. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ દ્વારા સૂચવેલ ન્યૂનતમ તેલની માત્રાથી તો બધું જ બજેટ માત્ર તેલમાં જ ખર્ચાઈ જતું. એક કુશળ ગૃહિણીના અનુભવથી અમે વંચિત હતા. અમે આહાર શાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે ઝૂઝતા, મસલત કરતા અને હલ શોધવાની ચેષ્ટા કરતા. ઘણીવાર ભોજનની યોજના માત્ર કાગળ પર રહેતી. વાસ્તવમાં તેને બનાવી શકવું અસંભવ હતું. દાળને ચઢવામાં કેટલો સમય લાગશે, તેના હિસાબમાં અમે ઘણીવાર માર ખાઈ જતા. પછી રાત્રે જમવાના વાસણ માંજતા માંજતા અમે અમારી જાતને ઘાયલ સૈનિક જેવી અનુભવતા. આગલા દિવસે ખાવાનું બનાવવાની સમસ્યા અમારી સામે ઉભેલી જ હોય!

પરંતુ **આ આખીએ પ્રક્રિયા દરમ્યાન અમે ત્રણ વાત સારી રીતે શીખી ગયા. તે હતી આહાર શાસ્ત્ર, ઘરનું અર્થશાસ્ત્ર અને પાકશાસ્ત્ર, એટલે કે રસોઈ બનાવવી.** ધાણાના લીલાપાનમાં વિટામીન 'એ' ની માત્ર ૧૦,૬૦૦ યુનિટ હોય છે એ ત્રીસ વર્ષ પછી મને આજેય સારી રીતે યાદ છે.

બાળપણમાં જે વસ્તુઓ હું રસોડામાં કામ કરતાં કરતાં શીખ્યો તે મેડિકલ કોલેજમાં દસ વર્ષ પસાર કરીનેય ન શીખી શક્યો.. **રોજિંદા જીવનની ઘટમાળમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે.**

- અભય બંગ



# સૃજના સ્કુલ

*એલીનેર વાટસ્ અને શિવરામ.*

**અમે એક નવી શાળા શા માટે શરૂ કરી ? એટલા માટે કે શિક્ષણ રોચક અને રોમાંચક બને. એ બાળકોને બોજારૂપ કે નીરસ ન લાગે. એવું શિક્ષણ હોય કે જે બાળકોના ભવિષ્ય માટે વ્યાવહારિક અને ઉપયોગી હોય.** શરૂઆતમાં અમે ૯ વર્ષની ઉંમરનાં ફક્ત ૧૫ બાળકોને જ લીધા.

૧૦મા સુધી અમે કોઈ પરીક્ષા ન રાખી. કારણ કે પરીક્ષા શીખવામાં ક્યારેય ઉપયોગી નથી થતી. **શીખવાનો અર્થ છે સમજવું અને વિચારવું.** શાળામાં આનાથી એકદમ ઉલટું હોય છે. બાળકો પરીક્ષા માટે કેટલાંક તથ્યો ગોખી લે છે - અગ્નિ માટે ઓક્સિજન જરૂરી છે- સમજ્યા ન હોવા છતાં. તે કારણે આગળ જતાં ભૂલી જાય છે. પરંતુ આજ વાત તે સામાન્ય પ્રયોગથી શીખી શકે છે, કે સળગતી મિણબત્તી પર પ્યાલો ઉંધો પાડવાથી મિણબત્તી હોલવાઈ જાય છે. પ્રયોગ કર્યા પછી આ હકીકત તે ક્યારેય નહીં ભૂલે. અમે અમારો અભ્યાસક્રમ બાળકોના વાતાવરણના આધારે તૈયાર કરીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે બધા જ વિષયો બાળકોના જીવન અને સમાજ સાથે જોડાએલ હોય. ઉદાહરણ તરીકે અમે અમારા ગામને જ લઈએ. એ આંધ્રપ્રદેશના વેલ્લોર જિલ્લામાં આવેલું છે. વિજ્ઞાનના વિષયમાં બાળકો એ બાબત અધ્યયન કરશે કે **ગામના મકાનો શાના બનેલા છે, કેવા બનેલા છે, તેની દિવાલો નીચી કેમ છે ? છાપરાં આટલા ઢોળાવવાળા કેમ છે ? લોકો પોતાના પશુઓને ક્યાં બાંધે છે અને કામ ક્યાં કરે છે વગેરે.** અમે મંદિર, પોસ્ટઓફિસ, પંચાયત ઘર, શાળા વગેરે વિશે પણ ચર્ચા કરીશું.



બધાં બાળકો તેલૂગુ જાણે છે, એટલે પહેલે વર્ષે અમે અંગ્રેજીમાં ફક્ત મૌખિક કામ જ કરીએ છીએ. અમે ઘણી રોચક રમતોનો ઉપયોગ કરીએ છીએ. જેનાથી અંગ્રેજી સ્વાભાવિક રીતે શીખી શકાય. અમે કેટલાંય ગીતો અને નૃત્યોનો ઉપયોગ કરીએ છીએ જેમાં ગીતોના અર્થની સાથે સાથે ભાવ-અભિનય બધું આવી જાય. એનાથી બાળકો એ શબ્દો તો શીખી જ જાય છે પણ સાથોસાથ તે ભાષાની લઢણ પણ શીખે છે. સરળ નાટક અને નકલ કરવી તે પણ અંગ્રેજી શીખવા માટે ઉપયોગી થઈ શકે છે. **માતૃભાષા જ વિચારોને વ્યક્ત કરવા સૌથી સશક્ત માધ્યમ છે.** પરંતુ કમનસીબે અંગ્રેજી ભાષાના શિક્ષણને આપણા ત્યાં વધારે મહત્ત્વ આપવામાં આવે છે અને તેને માતૃભાષાથી સારી સમજવામાં આવે.

૧. માતૃભાષામાં બાળકો માટે બહુ ઓછા પુસ્તકો લખાયા છે, જ્યારે અંગ્રેજીમાં ઘણાં સારા પુસ્તકો ઉલબ્ધ છે.

૨. **માતૃભાષામાં બાળકો માટે સારા પુસ્તકો તૈયાર થવા જોઈએ.**






**ગણિતમાં પણ સરવાળા બાદબાકીને અમે પ્રયોગો દ્વારા શીખવતા.** બાળકોને સાચા પૈસા આપીને તેની ઓળખ કરાવાતી. પછી વર્ગમાં દુકાન ખોલીને એમાં સામાન્ય વસ્તુઓ જેવી કે ફ્રોક, ગ્લાસ, વાસણ, બોલ વગેરે વેચવામાં આવતી. બાળકો તે પૈસામાંથી સામાન ખરીદવા આવતા. અમારામાંથી કોઈ એક વ્યક્તિ બેઈમાન દુકાનદાર બનીને બાળકને છેતરવાની કોશિશ કરતો. જો બાળક છેતરાઈ જતો તો તે તેના માટે ખૂબ શરમાવા જેવું થઈ પડતું. એટલે તે ભવિષ્યમાં સતર્ક રહેતો.

તો સરવાળા બાદબાકી ક્રિયા દ્વારા શીખતાં તે ગણિત બહુ રોચક બની જાય છે.

**હાથે કામ કરવાને અમે ઘણું મહત્ત્વ આપીએ છીએ.** તેના બે કારણો છે. એક તો તેનાથી સુંદરતા પ્રત્યે બાળકોની ભાવનાનો વિકાસ થાય છે. ઉદાહરણ તરીકે કાર્ડમાંથી ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, ગોળ કાપીને ગણિતને વધારે રોચક બનાવી શકાય છે. અમે બાળકોને વધારેમાં વધારે વસ્તુઓથી ક્રિયાઓ કરવાનો મોકો આપીએ છીએ - જેવી કે ચિત્રકામ, માટીકામ, રંગકામ, છપાઈ, કાતરકામ વગેરે. અમે લાકડાનું કામ પણ શરૂ કરવા માંગીએ છીએ, પણ તેવા ઓજારો ઘણા મોંઘા પડે છે એટલે હમણાં તો તે કરવા અમે અસમર્થ છીએ.

ખેતી વિષે બાળકો પહેલેથી જ કંઈક ને કંઈક જાણે છે. **જ્યારે નવો પાક વાવવામાં આવે છે ત્યારે અમે તેના વિષે ચર્ચા કરીએ છીએ.** જેમ કે એ પાકમાં ક્યું ખાતર નાંખવું જોઈએ અને સારો પાક મેળવવા શું શું કરવું જોઈએ? અમારી શાળામાં દરેક બાળક પાસે તેની ખેતી છે. બાળકો પોતાની ખેતીની પૂરી નોંધ રાખે છે.

અમે ઈચ્છએ છીએ કે બાળકો,નિયમીત શાળાએ આવે. ગરીબ ઘરના બાળકો એવું નથી કરી શકતા કારણ કે પાકનું વાવેતર, લણણી વગેરે સમયે નાના બાળકોની દેખરેખ અને ઘરના બીજા કામો માટે આ બાળકોની જરૂર પડે છે. અમે ઈચ્છીએ છીએ કે અભ્યાસક્રમ પૂરો થાય ત્યાં સુધી બાળકો શાળામાં રહે. પણ **અમે વાસ્તવિકતાને સમજીએ છીએ. એટલે તેઓ ઘર કે ખેતરમાં કામ કરતાં કરતાં પણ શીખતા રહે તે માટે પ્રેરણા આપીએ છીએ.**

# નિષ્ફળતાના ક, ખ, ગ.

*જોન હોલ્ટ*

મોટા ભાગના બાળકો શાળામાં નાપાસ થાય છે. એમાંના કેટલાક બાળકો તો સાવ નાપાસ થાય છે. શાળામાં દાખલ થતાં ૪૦ ટકા બાળકો શાળાકીય સ્તરનું શિક્ષણ પૂરું નથી કરી શકતા. કોલેજના સ્તરે દર ત્રીજું બાળક વચ્ચે જ અભ્યાસ પડતો મૂકે છે.

જે બાળકોને આગળના વર્ગમાં ધકેલવામાં આવે છે તેઓ કાંઈ જાણે છે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. **બાળકો તેમની શીખવા, સમજવાની અને રચનાની તેમની જન્મજાત ક્ષમતાનો ખૂબ નાનો ભાગ શાળામાં વિકસિત કરી શકે છે.** જ્યારે જન્મના બે ત્રણ વર્ષ દરમ્યાન તેઓ તેનો ભરપૂર ઉપયોગ કરે છે.

આ અસફળતા બાળકોમાં શા માટે આવે છે ? એટલા માટે કે તેઓ ડરે છે, કંટાળે છે અને ભ્રમિત રહે છે.

તેઓના મનમાં સૌથી મોટો ભય હોય છે પોતાના મા-બાપ, શિક્ષકો વગેરેના નારાજ થવાનો. આ વયસ્કોની અસીમ આશાઓ અને અપેક્ષાઓ બાળકોના મગજ પર વાદળની જેમ ધુમરાયા કરે છે.

**બાળકો કંટાળે છે એટલા માટે કે તેઓને શાળામાં જે કરવાનું કહેવામાં આવે છે તે બધું બેહદ નિરર્થક અને નીરસ લાગે છે.**

બાળકો ભ્રમિત એટલા માટે થાય છે કે તેઓ પર હંમેશાં અર્થહીન શબ્દો વરસતા રહે છે. એ શબ્દો પહેલા બાળકોને જે કહેવામાં આવેલું હોય તેનું ક્યારેક ખંડન કરતા હોય છે. આ શબ્દો સાથે બાળકોના પોતાના અનુભવોને કાંઈ લેવા દેવા નથી હોતી.

સારી શાળાઓની બે વિશેષતાઓ હોય છે. જો બાળકો શાળામાં કશું શીખે નહીં તો તેની જવાબદારી શાળા પોતે સ્વીકારે છે. તેનો દોષ તે બાળકો અને તેના પરિવાર પર નથી લાદતા. બીજું શાળામાં ઉપયોગ કરેલ કોઈ રીત કે પધધતિ ઉપયોગી થતી ન જણાય તો તે તેને છોડીને બીજી અપનાવવાની કોશિશ કરે છે. **સારી શાળાઓ હંમેશાં પધ્ધતિઓ અને ઉપાયોને અસફળ પૂરવાર કરે છે. બાળકોને નહીં.**



# બાળકોનું પોતાનું છાપું

શહીદ ભગતસિંહ પુસ્તકાલય, પિપરિયા, મધ્યપ્રદેશમાં રવિવારે બાળકોની ખાસ્સી ભીડ જામી હતી. એ દિવસે એક સાદા કાગળને દિવાલ પર ચોંટાડવામાં આવેલો. કાગળ પર લખેલું 'બાળકોનું છાપું'. **બાળકોને કહેવામાં આવ્યું કે તેઓ પોતાની મરજી મુજબ જે લખવું હોય તે લખે, ચિત્ર દોરે અને તેને ભૂરા કાગળ પર ચોંટાડી દે.**

પહેલાં તો બાળકોએ પોતાના પુસ્તકોના કંઈક અંશ લખીને ચોંટાડ્યા કે ચિત્રોની નકલ કરી. ઘણી ચર્ચા પછી બાળકોને સમજાયું કે તેઓએ જાતે જ કશુંક લખવાનું છે. પહેલાં લખાએલા સમાચાર હતા, 'કૂવામાં પડી ગયેલી બકરી.' બીજા સમાચાર હતા, 'નાળામાં કૂતરું પડી ગયું.'

એક સાંજે સ્થાનિક સિનેમા ઘરમાં કંઈક લડાઈ ઝઘડો થયો. એક કલાક પછી જ્યારે બાળકો પુસ્તકાલયમાં આવ્યા અને તેઓએ ભૂરા છાપા પર ઝઘડાના સમાચાર વાંચ્યા તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ પછી બાળકો બધા વિષે લખવા માંડ્યા. ખેલકૂદ - રજાઓ, સ્વપ્ના, સમસ્યાઓ વગેરે.

બાળકો દ્વારા લખાએલ આ છાપું ઝડપથી 'બાલ ચિરઈયા'ના નામથી સાઈક્લોસ્ટાઈલ થઈને છપાવા માંડ્યું. ૧૯૮૯-૯૦માં એ છાપાની ૧૦૦૦ નકલો છપાતી હતી, જેને બાળકો ૨૫ પૈસામાં ખરીદતા. બાળકો પોતાની શાળાની અસલિયત છાપાના માધ્યમથી ખુલ્લી કરવા માંડ્યા. એક શિક્ષક ગેરહાજર રહેતા હતા, બીજા વર્ગમાં સૂઈ જતા હતા. હેડમાસ્તર બાળકો પાસે મફત શાકભાજી મંગાવતા વગેરે. આ સમાચારથી બાળકોને ક્યારેક માર પણ ખાવો પડતો પરંતુ છાપું લોકપ્રિય થવા માંડ્યું. કેટલાય બાળકો છાપામાં સ્થાનિક ભાષા - બુંદેલી- માં લખતા અને તેમના માબાપને વાંચી સંભળાવતા.

તમે પણ સરળતાથી તમારી શાળામાં એક સાદો કાગળ ચોંટાડીને બાળકોને લખવા, ચિત્ર દોરવા માટે પ્રેરણા આપી શકો. **જ્યારે બાળકો તેમના પોતાના અનુભવો લખશે ત્યારે જ તેમની મૌલિક લેખન ક્ષમતા વિકસશે.** બાળકો લખતાં પહેલાં તેમની આસપાસની ઘટનાઓનું બારીકાઈથી નીરિક્ષણ કરશે. ઓછા ખર્ચનું આ છાપું બાળકોની સુપ્ત પ્રતિભાને જગાડવા માટેનું એક સશક્ત માધ્યમ બની શકે છે.

# રેતીનો એક કણ

*- જવાહરલાલ નહેરુ*

કોઈ પણ ભાષા - જેવી કે હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી ને વાંચતા પહેલાં તેના અક્ષરો શીખવા પડશે. એ જ પ્રમાણે **પ્રકૃતિની વર્ણમાળાને શીખ્યા પછી જ તમે પથ્થરોમાં છૂપાએલી પ્રકૃતિની વાર્તા વાંચી શકશો.** બધા લોકો પ્રકૃતિને વત્તી ઓછી તો વાંચવાનું જાણે જ છે.

જ્યારે તમે કોઈ ગોળ, સુંવાળા પથ્થરને જૂઓ છો તો તે તમને શું બતાવે છે ? તે કેવી રીતે સુંવાળો અને ચમકદાર બન્યો ? તેની ખરબચડી કિનાર અને ખૂણા ક્યાં ગયા? તમે જો કોઈ મોટા પથ્થરને તોડશો તો તે અણીદાર અને ખરબચડો હશે. તે દેખાવમાં ગોળ સુંવાળા ચળકતા પથ્થર જેવો જરાય નહીં જણાય. પથ્થરનો અણીયાળો, ખરબચડો, ટુકડો ગોળ અને સુંવાળો કેવી રીતે બન્યો ?

જો તમે તમારા કાન ખોલી ને સાભળશો અને આંખો ખોલીને જોશો તો પથ્થર તમને તેની આત્મકથા જરૂર સંભળાવશે. તે કહેશે કે લાખો કરોડો વર્ષ પહેલાં એ પણ એવો જ પથ્થર હતો જેવો તમે હમણાં તોડ્યો. તે પણ ખરબચડો હતો અને ખૂણા અણીયાળા હતા. તે કોઈ પહાડના ઢોળાવ પર પડેલો. પછી જોરદાર વરસાદ પડ્યો અને તેને વહાવીને ખીણમાં લઈ ગયો. ત્યાંથી એક ઝરણું તેને ધકેલીને નદી સુધી લઈ ગયું અને નાની નદી પથ્થરને મોટી નદી સુધી લઈ ગઈ. પથ્થર ઘણા વખત સુધી નદીની તળેટીમાં ગબડતો રહ્યો. તેનાથી તેના અણીયાળા ખૂણા ગોળ થઈ ગયા અને ખરબચડી સપાટી સુંવાળી થઈ ગઈ.

તે એ જ ગોળ અને સુંવાળો પથ્થર છે જેને તમે જોઈ રહ્યા છો. નદી સાથે વહેતો જાત તો તેનો આકાર નાનો જ થતો જાત અને અંતે તે રેતીનો કણ જ બની જાત. એ રેતથી બાળકો મંદિર બનાવત.

**પ્રકૃતિ સૌથી સારી શિક્ષક છે.**





# સર્જન

'સર્જન' અસાગ (અમદાવાદ સ્ટડી એક્શન ગ્રુપ) હેઠળ ઘરવિહોણા બાળકો, ઝૂંપડપટ્ટીના બાળકો અને બાળમજૂરો માટેનો સર્જનાત્મક વિકાસ કાર્યક્રમ છે. ગરીબ, તકવંચિત બાળકો માટેના આ સર્જનાત્મક કાર્યક્રમમાં આ બાળકોને સર્જનાત્મક પ્રવૃતિઓ તેમજ અવૈધિક શિક્ષણ મારફતે બાળપણ માણવાની તક પૂરી પાડે છે.

બાળકોમાં આત્મવિશ્વાસની વૃધ્ધિ માટે સર્જનાત્મક વાતાવરણ આપવા પર વધુ ભાર મૂકવામાં આવે છે. બાળ પ્રવૃતિઓ માટેની સર્જનની પાયાની ફિલસૂફી એ છે કે, "બાળકનું દરેક સર્જન સુંદર હોય છે, અને તેને બાળકની દૃષ્ટિથી જોવું જોઈએ."

સર્જનાત્મક અભિગમનો બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરવાના ઉદ્દેશ્યથી 'સર્જન તાલીમ કાર્યક્રમ' નું આયોજન પણ કરવામાં આવે છે. સર્જન તાલીમ દ્વારા વધુમાં વધુ લોકો અને બાળકો સુધી પહોંચવા પ્રયત્ન કરે છે.

સર્જનનો અમદાવાદ શહેરની ઝૂંપડપટ્ટીઓના બાળકો સાથે કામ કરવાનો લગભગ ૨૫ વર્ષનો અનુભવ છે, અને પોતાના કામ દ્વારા તેણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. સર્જનના પાયામાં તેના દૃષ્ટા ફૂલચંદભાઈ પૂરવાર જેવાનું તપ અને સર્જનની કાર્યકર્તા બહેનોના બાળકો પ્રત્યેનો અસીમ પ્રેમ, કાર્યનિષ્ઠા તથા કૌશલ્ય પડેલાં છે. સર્જનની આ મૂડી હવે મર્યાદિત પ્રેમક્ષેત્રમાંથી બહાર નીકળી સમગ્ર શહેરમાં વિસ્તરે અને તેમાં નવા આયામો ઉમેરાતા જાય તે માટે પણ સર્જન પ્રયત્નશીલ છે.

સર્જન એક સંસ્થા નથી, વિચાર છે. અને સર્જનનો કાર્યક્રમ માત્ર સર્જનાત્મક પ્રવૃત્તિ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તક વંચિત બાળકોના સર્વાંગીણ વિકાસ દ્વારા આદર્શ વસાહતો સ્થાપવાનો છે.

- રાજુ દીપ્તિ